# 43

**પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં કૂપોષિત બાળકો**

*15/4/534 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| પંચમહાલ | ૩૧૫૧૨ |
| મહિસાગર | ૧૩૧૬૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે, | (૨) તે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| પંચમહાલ | ૨૩૩૬૦ | ૮૧૫૨ | ૩૧૫૧૨ |
| મહિસાગર | ૯૯૯૭ | ૩૧૬૩ | ૧૩૧૬૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે. |

| જિલ્લો | છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો | |
|---|---|---|
| | વધારો | ઘટાડો |
| પંચમહાલ | ---- | ૩૯૨૨ |
| મહિસાગર | ---- | ૩૫૫૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ | (૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| દુર કરવા સરકારે શાં પગલાં લીધાં? | • આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.<br>• સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.<br>• રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.<br>• દુધ સંજીવની યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાના તમામ તાલુકાઓમાં તેમજ મહિસાગર જિલ્લાના કડાણા, ખાનપુર અને સંતરામપુર તાલુકાઓના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇટ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે. |